જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૦૨/૨૦૨૩ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૯ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૪૪ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૦૬ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૪,૨૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૨૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૩૨૯/૨૦૨૩

**સાબરમતીઃ** હર્ષકુમાર સુરેશભાઇ આદેસરા (ઉ.વ.૨૯)(રહે.આર્યમાન શુકનસીટીની સામે આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ) એ તા.૨૦/૦૨/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે હર્ષકુમાર આદેસરા એલ.એમ.એર્નામેન્સ નામથી સોનાના દાગીનાનુ માર્કેટીંગ કરતા હોઈ તા.૧૮/૦૧/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) હિમાશુભાઈ નિરંજનભાઈ સોની અને (૨) ઉમંગભાઈ હર્ષદભાઈ રાણપરા (બંને રહે, વિશલપરાવાસ સ્વામીનારાયણ મંદીર સામે ગામ-વડુ તા-કડી જી-મહેસાણા) એ ભેગા મળી હર્ષકુમારને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી સોનાના અલગ-અલગ દાગીના કુલ કિમત રૂપિયા ૧૪,૫૦,૦૦૦/- લઈ જઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી મોહોબ્બતસિંહ પૃથ્વીસિંહ ચલાવે છે.

## સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ- સમાચાર યાદી નં.૩૩૦/૨૦૨૩

**નિકોલઃ** બીનાબહેન વા/ઓ દિપકભાઇ કરથીયા (ઉ.વ.૩૪)(રહે.ઇશ્વરકૃપા ટેનામેન્ટ બેટી બચાવો મેદાન સામે નિકોલ) તા.૨૦/૦૨/૨૦૨૩ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે નિકોલ “પીંક એન્ડ બ્લ્યુ” નામની પ્રી સ્કુલ ખાતે એક્ટીવા ચલાવી પોતાના પુત્રને લેવા ગયા હતા ત્યારે પુત્રને એક્ટીવા ઉપર બેસાડી એક્ટીવા ચાલુ કરતા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ બીનાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ બીનાબહેન કરથીયાએ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશવાહ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૩૩૧/૨૦૨૩

**વટવાઃ** આલોકકુમાર સ/ઓ બાલેશ્વરદયાલ યાદવ (નોકરી:-સિક્યુરીટર સુપરવાઇઝર રહે.લેબર કોલોની “એલ એન્ડ ટી” કંપનીના ક્વાટર્સ ગામ-બારેજડી તા-દસ્ક્રોઇ જી-અમદાવાદ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૨૭/૦૧/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા સુધી વટવા રોપડા ગામની સીમમાં ચેનેજ નં-૪૮૯ પીલર નંબર-૦૯ પાસેથી હાઇડ્રોલીક જેક નંગ-૦૧ કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.એચ.રબારી ચલાવે છે.

**રખિયાલઃ** શેરૂદ્દીન સમસુદીન શેખ (રહે.ગલી નંબર-૮ એલ/૧૭૬, જીતુભગત કમ્પાઉન્ડ શાહઆલમ દાણીલીમડા) એ તા.૨૦/૦૨/૨૦૨૩ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૩ સાંજના ૭/૧૫ થી તા.૧૭/૦૨/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન રખિયાલ અજીતમીલ કમ્પાઉન્ડ ખાતે “અર્શ સ્ટીલ એન્ટરપ્રાઇઝ” નામની પોતાની દુકાન નંબર-૧૭ બહારના ભાગે રાખેલ લોખંડની પાઇપ નંગ-૧૮ અને નાના પાઇપના ટુકડા નંગ-૨૦ મળી કુલ કિંમત રૂપિયા ૪૪,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**<u>મશીનમાં આવી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૩૨/૨૦૨૩</u>**

**નારોલઃ** નારોલ શાહવાડી ટોરેન્ટ પાવરની સામે શોપ નંબર.૨૧ "મોમાઇ વસ્ત્ર ભંડાર" ઉપર ભાડાના મકાનમાં રહેતા અને નારોલ શાહવાડી ખાતે આવેલ રઝા ટેક્સટાઇલ રીયલ ઓનેસ્ટ નામની કંપનીમાં વોશીંગ મશીન ઉપર કામ કરતા રામારામ રાજુભાઇ ચોધરી (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-માલપરા તા-નોખડા જી-બાડમેર રાજસ્થાન) તા.૨૦/૦૨/૨૦૨૩ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે કંપનીમાં વોશીંગ મશીન ઉપર કામ કરતા હતા ત્યારે કાપડના રોલમાં કાપડ સાથે વીંટળાઈ જતા ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતજી અળખાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી